### વોટર મીટર બિલ મુદ્દે નારાજગી શાસકોને ચૂંટણીમાં હંફાવે તેવી વકી

# વોટર મીટરના બાકી બિલ શાસકો માટે માથાનો દુ:ખાવો : રૂ.42 કરોડથી વધુની વસૂલાત બાકી



**એજન્સીની** નધરોળતા અને બિલમાં આવતી વિસંગતતાનો ઉકેલ લાવવા તમામ ઝોન, પાણી વિભાગના અધિકારીઓની મેરેથોન મિટિંગ યોજાઈ

સુરતઃ સુરત મનપા દ્વારા શહેરમાં 24 કલાક મીટરથી પાણી આપવા માટેની વ્યવસ્થામાં ઘણાં ઝોનમાં મોડા બિલ જતા હોવાથી, મસમોટા બિલ ભરવાના કારણે લોકોને હાલાકી થતી હોય, આ અંગે શું કરી શકાય તે માટે વિભાગીય વડા નિધી સીવાચની અધ્યક્ષતામાં મીટીંગ યોજાઈ હતી. જેમાં તમામ ઝોનના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા અને કઇ કઇ મુશકેલી છે? અને તેના નિરાકરણ માટે શું કરવું? તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

હવે ચૂંટણી નજીક આવી રહી હોવાથી શાસકોના કહેવાથી વોટર મીટર મુદ્દે રાહતનો તખ્તો ઘડવા તૈયારી થઇ રહી હોવાની ચર્ચા ઉઠી છે. અત્રે ઉલ્લખનીય છે કે, મનપાને હાલ વોટર મીટરના બિલ પેટે 39 કરોડનો વોટર ચાર્જ અને ત્રણ કરોડ વ્યાજ મળી કુલ રૂા. 42 કરોડ રકમ વસૂલાત કરવાની બાકી છે. હાલ લગભગ 80,000 જેટલા મીટર કનેક્શન લગાવાયા છે.

## બિલિંગની સાઇકલ જાળવવા ઝોન વાઇઝ અલગ અલગ એજન્સી નીમવા વિચારણા

આજે મળેલી મીટિંગમાં એવી વિચારણા કરવામાં આવી હતી કે, હવેથી ટેન્ડરીંગ એજન્સી નિમણૂંક પ્રક્રિયા જે-તે ઝોન કક્ષાએ કરવામાં આવશે અને તેમાં વિલંબ થાય એમ હોય, બિલીંગ સાયકલ જળવાઈ રહે તે માટે જરૂરીયાતે ડિપાર્ટમેન્ટ લેવલે એ બિલીંગ કામગીરી કરાવાશે. હવે ધીરે ધીરે અમુક ઝોનમાં બિલીંગ ઈશ્યુ કરવાની સાયકલ ટ્રેક પર આવી રહી છે. પરંતુ હજી પણ ઘણા ઝોનમાં ઈશ્યુ છે તે મુદ્દે મીટીંગમાં ચર્ચા કરવામાં આવી હતી. હાલ જે પોલિસી બનાવાઈ છે તેમાં શુ ફેરફાર કરી શકાય તે માટે પણ વિચારણા કરવામાં આવશે તેમ જાણવામાં આવ્યું છે.

## મીટર બિલ ઉપરાંત વેરા બિલમાં પણ વોટર ચાર્જથી સર્જાતી ગૂંચવણ ઉકેલવા પોલિસીમાં બદલાવની વકી

એક મહત્વનો મુદ્દો એ છે કે ઘણાં વિસ્તારોમાં વોટર મીટર લાગ્યા બાદ વોટર મીટરના બિલ આવે છે, તેની સાથે સાથે વેરાબિલમાં યુઝર ચાર્જની સાથે પણ વોટર ચાર્જ એડ થઇને આવે છે. આ મુદ્દે ગૂંચ ઉકેલવા માટે પોલિસીમાં ફેરફાર થાય તેવી પણ શક્યતા છે.

### ઝોન દ્વારા લગાવાયેલાં મીટર

| કુલ બિલની સંખ્યા | ઈશ્યુ થયેલા બિલ | બાકી રહેલા બિલ |
|---|---|---|
| 13,642 | 10,174 | 3468 |

### હાઇડ્રોલિક વિભાગ દ્વારા લગાવાયેલા મીટર

| | | |
|---|---|---|
| 28,783 | 28,753 | 30 |

### જનશક્તિ આઈલેન્ડ ધોબીઘાટ બન્યું....



■ સુરતમાં મજૂરાગેટ ખાતે બનાવવામાં આવેલા જનશક્તિ આઈલેન્ડની બાદમાં કોઈ જ સંભાળ લેવામાં આવી રહી નથી. એક સમયનું નજરાણું આ આઈલેન્ડ હવે ધોબીઘાટ બની ગયું છે. (ત.:હેમંત ડેરે)

# સૈયદપુરામાં બીડીના ઠૂંઠા ફેંકવાની બાબતે હત્યા કરનારા માતા-પુત્રને આજીવન કેદ

**હત્યા** જેવા ગંભીર ગુનામાં સમાજમાં દાખલો બેસાડે તેવી સજા થવી જરૂરીઃ કોર્ટ

સુરતઃ સૈયદપુરા માછીવાડ પાછળની પીપળાવાળી ચાલમાં રહેતા અમિતા ઉર્ફે અનિતાબેન સરવૈયાની હત્યાના કેસમાં સેશન્સ કોર્ટે આરોપી પ્રકાશ નારણભાઈ પરમાર અને તેની માતા વાલીબેન પરમારને આજીવન કેદની સજા સાથે રૂ.10,000નો દંડ ફટકાર્યો છે.

કેસની વિગત એવી છે કે, 19 ઓક્ટોબર, 2019ની રાત્રે અમિતાબેન તેમના ઘર નજીક અન્ય મહિલા સાથે હાજર હતા ત્યારે તેમના ઘરની સામે રહેતા પ્રકાશે બીડી પીધા બાદ તેનું ઠૂંઠુ અમિતાબેનની સામે ફેંક્યું હતું. આ માથાકૂટમાં પ્રકાશ અને તેની માતા વાલીબેને ઘરમાંથી ચપ્પુ લઈને અમિતાબેનને મારી દેતાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. લાલગેટ પોલીસે આ કેસમાં બંનેની ધરપકડ કરી હતી. કોર્ટમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ અરવિંદ પી. વસોયાએ આરોપીઓને કડક સજાની માગણી કરી હતી.

12મા અધિક સેશન્સ જજ આર.કે. મોઢે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ચુકાદો આપ્યો. તેમણે નોંધ્યું કે, હત્યા જેવા ગંભીર ગુનામાં સમાજમાં દાખલો બેસાડે તેવી રીતે સજા થવી જરૂરી છે, જેથી નાની બાબતો હત્યા સુધી ન પહોંચે. આથી, આરોપીઓને આજીવન કેદ અને દંડની સજા ફટકારવામાં આવી હતી.

# અંગતપળોનો વિડીયો ફરતો કરવાની ધમકી આપી યુવતી પર સાળા-બનેવીનો બળાત્કાર

**લંપટ** સંબંધી યુવકની વરાછા પોલીસે ધરપકડ કરી

સુરતઃ વરાછા વિસ્તારમાં રહેતી એક યુવતીની સાથે દોઢ વર્ષ પહેલા થયેલા પાશવી બળાત્કારનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. વરાછા વિસ્તારમાં કાકા-કાકીના ઘરે રહેતી એક યુવતી ચોળી ભરતનું કામ કરીને પરિવારના ગુજરાનમાં મદદ કરતી હતી. દરમિયાન કાકીના સબંધી મહેન્દ્ર આતુભાઈ મકવાણા (મૂળ સીમર ગામ, ઉના) તેમના ઘરે આવતો હોવાથી બંને વચ્ચે સંબંધ વિકસ્યા હતાં. તેણે આ યુવતી સાથે પ્રેમ સંબંધ વિકસાવી જુદી જુદી જગ્યાએ લઈ જઈને તેની સાથે સહશયન કર્યું હતું. યુવતીને વતન મોકલવામાં આવતા ત્યાં પણ મહેન્દ્ર તેના સંપર્કમાં રહેવાનો પ્રયાસ કરતો રહ્યો હતો. જ્યારે યુવતીએ તેનો ફોન લેવો બંધ કર્યો ત્યારે મહેન્દ્રે પોતાના કઝીન સાળા ધર્મેશભાઈ ધીરુભાઈ સાંખટ (રહે ઉગલા)ને યુવતીના ખેતરમાં મોકલ્યો અને ધર્મેશે યુવતીની મહેન્દ્ર સાથે વાત કરાવી હતી. બાદમાં મહેન્દ્રએ તેને બ્લેકમેલ કરતાં કહ્યું કે જો તે ધર્મેશ સાથે શારીરિક સંબંધ બાંધશે નહીં તો તે તેના ફોટા અને વીડિયો ફરતાં કરી દેશે. દબાણમાં આવી યુવતી સાથે ધર્મેશે પણ બળાત્કાર ગુજાર્યો હતો. યુવતીએ ગીર ગઢડા પોલીસ મથકમાં ફરિયાદ નોધાવી હતી પરંતુ ઘટના વરાછા વિસ્તારની હોવાથી વરાછા પોલીસે મહેન્દ્ર મકવાણાની મોડીરાત્રે ધરપકડ કરી છે.

# કતારગામની મહિલાને ચેક રિટર્નના કેસમાં કોર્ટે એક વર્ષની કેદ ફટકારી

સુરતઃ કતારગામના શ્રદ્ધા રેસિડેન્સીમાં રહેતી શીતલ સુનીલ સલીયાને 8 લાખ રૂપિયાના ચેક રિટર્ન થવાના કેસમાં કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. કેસની વિગતો અનુસાર, ડભોલી રોડ પરની સુંદરમ સોસાયટીમાં રહેતા અને વ્યવસાયે બિલ્ડર કિશોર મગન ગાબાણી સાથે શીતલ સલીયાના મિત્રતાના સંબંધો હતા. શીતલબેન તેમના પતિ સાથે અવારનવાર કિશોરના ઘરે આવતા હોવાથી બંને પરિવારો વચ્ચે સારા સંબંધો બંધાયા હતા. આ મિત્રતાના આધારે શીતલબેને અંગત કામ માટે કિશોર પાસે 8 લાખ રૂપિયા ઉછીના માગ્યા હતા, જે કિશોરે આપ્યા હતા. શીતલે રકમ પરત કરવા પેટે 8 લાખ રૂપિયાનો ચેક આપ્યો, પરંતુ આ ચેક રિટર્ન થયો હતો. આથી કિશોર ગાબાણીએ એડવોકેટ રમેશ સાનેપરા અને નયન માવાણી મારફતે શીતલ સલીયા વિરુદ્ધ ચેક રિટર્નની ફરિયાદ નોંધાવી હતી. કોર્ટમાં ચાલેલી સુનાવણી દરમિયાન કોર્ટે આરોપી શીતલ સલીયાને દોષી ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી અને 8 લાખ રૂપિયા વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો.

# પુણા ગામની 21 વર્ષીય યુવતીએ અનાજમાં નાંખવાનો પાઉડર ખાઈ જીવ દઈ દીધો

સુરતઃ પુણા ગામમાં રહેતી યુવતીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ અમરેલી જિલ્લાના જાફરાબાદના વતની અને હાલ પુણાગામ સમજુબા સોસાયટીમાં રહેતા મનસુખભાઈ જોગાણી સાડીના ખાતામાં નોકરી કરી પત્ની, બે પુત્રી અને એક પુત્ર સહિતના પરિવારનું ભરણપોષણ કરે છે. મનસુખભાઈની પત્ની પણ તેમની સાથે સાડીના ખાતામાં નોકરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થાય છે. મનસુખભાઈની બે પુત્રી પૈકી 21 વર્ષીય જાનવી ઘરકામ કરતી હતી. ગુરૂવારે સવારે જાનવીએ ઘરે અનાજમાં નાંખવાનો ઝેરી પાવડર ખાઈ લીધો હતો. સારવાર માટે તેને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં જાનવીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જાનવીએ ક્યા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે રહસ્ય અકબંધ રહ્યું છે. આ અંગે વધુ તપાસ પુણા પોલીસ કરી રહી છે.

### લિંબાયત ઝોને 15 દિવસમાં 365 યુનિટ સીલ કર્યા

# વરાછા ઝોનમાં ગેરકાયદે ધમધમતી વધુ 6 તપેલા ડાઈંગને સીલ મરાયાં

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ઝોન વિસ્તારમાં 6 અને લિંબાયત ઝોન વિસ્તારમાં સૌથી વધુ 84 યુનિટ સીલ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા 15 દિવસમાં લિંબાયત ઝોનમાં સૌથી વધુ કુલ 365 તપેલા ડાઈંગ યુનિટ સીલ કરવાની કામગીરી કરવામાં આવી છે. જેમાં ઉમરવાડા ખાતે નરસિંહ મંદિરની ચાલ તેમજ ઉધરસ ભૈયાની ચાલમાં ગેરકાયદે ધમધમતી કુલ છ તપેલા ડાઈંગને સીલ કરવામાં આવી છે. જ્યારે લીંબાયતમાં મહાપ્રભુનગર, ગોવિંદ નગર, ગિરિરાજ નગર, મંગલા પાર્ક, રતનજીનગર, સરદારનગર સહિતના વિસ્તારોમાં ગેરકાયદે ધમધમતી તપેલા ડાઈંગ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. લીંબાયત ઝોન વિસ્તારમાં તા. 12-07ના રોજ 39 યુનિટ, તા. 14-07ના રોજ 13 યુનિટ, 15-07ના રોજ 32 યુનિટ, તા. 16-07ના રોજ 38 યુનિટ, તા. 17-07ના રોજ 35 યુનિટ, 19-07ના રોજ 11 યુનિટ, 21-07ના રોજ 10 યુનિટ, 29-07ના રોજ 84 યુનિટ મળી કુલ 262 યુનિટને સીલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત લીંબાયત ઝોન વિસ્તારમાં ગિરિરાજ નગરમાં 18 યુનિટ, ગોવિંદ નગરમાં 36 યુનિટ, રતનજીનગરમાં 10 યુનિટ, સરદાનગરમાં 9 યુનિટ અને મંગલાપાર્કમાં 30 યુનિટ મળી કુલ 365 યુનિટના સીલ કરવામાં આવ્યા છે.

# 2 ઓગસ્ટે તત્કાલ અને સામાન્ય પાસપોર્ટ માટે એપોઇન્ટમેન્ટ સ્લોટ ઓનલાઇન ઉપલબ્ધ

**જે** અરજદારો પાસે પછીની તારીખે એપોઇન્ટમેન્ટ છે અથવા અગાઉની એપોઇન્ટમેન્ટ ચૂકી ગયા છે, તેઓ પણ શેડ્યુલ કરી શકશે

સુરતઃ વધતી વસતી સાથે સુરતમાં પાસપોર્ટ કઢાવવા માટે સુરતમાં લોકોનો ધસારો વધી રહ્યો છે. સુરત રિજનલ પાસપોર્ટ ઓફિસર (PSK Surat) યોગેશ.આર. પટેલે જણાવ્યું હતું કે, જુલાઈ, 2025માં પાસપોર્ટ સેવાઓની ઊંચી માંગને ધ્યાનમાં રાખીને, RPO સુરત તા.02.08.2025 ના રોજ પાસપોર્ટ અરજદારો માટે PSK સુરત ખાતે એક ખાસ ડ્રાઇવનું આયોજન કરી રહ્યું છે.

શનિવાર, 02 ઓગસ્ટ, 2025 ના રોજ તત્કાલ અને સામાન્ય પાસપોર્ટ માટે એપોઇન્ટમેન્ટ સ્લોટ પાસપોર્ટ સેવા વેબ પોર્ટલ પર ઓનલાઇન ઉપલબ્ધ છે. જે અરજદારો પાસે પછીની તારીખે પાસપોર્ટ એપોઇન્ટમેન્ટ છે અથવા જેમણે તેમની અગાઉની એપોઇન્ટમેન્ટ ચૂકી ગયા છે,

તેઓ પણ શનિવાર માટે તેમની એપોઇન્ટમેન્ટ ફરીથી શેડ્યૂલ કરી શકશે. અરજદારોને PSK સુરતની મુલાકાત દરમિયાન સરળ અને મુશ્કેલી-મુક્ત પ્રક્રિયા માટે યોગ્ય દસ્તાવેજો માટે વેબસાઇટ (www.passportindia.gov.in) ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવી છે. આ ખાસ ડ્રાઇવ એ તમામ નાગરિકોને વહેલી તારીખે પાસપોર્ટ એપોઇન્ટમેન્ટ ઉપલબ્ધ કરાવવાની વિદેશ મંત્રાલયની પહેલનો એક ભાગ છે.

### સુડોકુ ૭૮૨૬ 'ક્લુ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૬ | | ૫ | ૮ | ૩ | |
| | | ૬ | | | | ૫ | | ૯ |
| | | | | ૨ | | ૪ | ૬ | ૧ |
| ૪ | ૧ | | | ૩ | ૬ | | | ૭ |
| | | | | ૪ | ૨ | ૬ | ૫ | ૮ |
| ૬ | ૫ | ૨ | | ૭ | | ૧ | | |
| ૯ | | | | | | | ૧ | |
| ૧ | | ૪ | | ૫ | | ૩ | | |
| | ૩ | | | | ૧ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

#### ત્રાકકણ - પ્લેટલેટ ઘટવા

બહારના આક્રમણ સામે લડતાં લોહીમાં ત્રાકકણ ઘટે છે. તેની પૂર્તિ થવી આવશ્યક છે. પપાઉ પાન એક નો રસ અને કુમારપાઠ નો ગર 30g જેટલો રોજ ખાવાથી પરિણામ સારું મળે છે. પ્રવાહી વિપુલ પ્રમાણમાં લેવું.

# સુરતની જેમ જયપુરમાં પ્લાસ્ટિક રિસાઈકલિંગ પ્રોજેક્ટ શરૂ કરવા જયપુરના મેયરની જાહેરાત

**જયપુરનાં** મેયર સુરતની સ્વચ્છતાથી પ્રભાવિત થયાં



સુરતઃ જયપુરના મેયર ડો. સૌમ્યા ગુર્જર સુરતની સ્વચ્છતા અને પ્રોજેક્ટથી પ્રભાવિત થયા છે. તેમણે સુરત અને જયપુર વચ્ચે ટેક્નોલોજીનો આદાન પ્રદાન થાય તેવી શક્યતા વ્યક્ત કરી હતી અને સ્વચ્છતામાં ભારતભરમાં પ્રથમ આવવા બદલ સુરતને અભિનંદન આપ્યાં હતાં.

ત્રણ દિવસની મુલાકાત બાદ તેઓએ ભાજપ કાર્યાલય ખાતે એક પત્રકાર પરિષદને સંબોધી હતી. તેઓએ જણાવ્યું હતું કે, સુરત શહેરમાં આપવામાં આવતા પાણીની ગુણવત્તા ઘણી સારી છે. ઉપરાંત પ્લાસ્ટિક રિસાઈકલ પ્રોજેક્ટની પણ વાત કરતા કહ્યું કે તેઓ જરૂરથી આ પ્રોજેક્ટ જયપુર શહેરમાં પણ અમલીકરણ કરવા આયોજન કરશે. પાલિકાના વિવિધ પ્રોજેક્ટની મુલાકાત બાદ સુરત મહાનગર અને જયપુર શહેર વચ્ચે ટેક્નોલોજીના આદાનપ્રદાન અંગે પણ શક્યતા દર્શાવી હતી. સાથે સાથે સુરત શહેરના વિવિધ પ્રસિદ્ધ વ્યંજન લોચો, ખમણ તથા બીજી અનેકવિધ વાનગીઓનો વખાણ કરતા તેમણે જણાવ્યું કે તેઓ આ સ્વાદને પોતાની સાથે જયપુર લઈ જઈ રહ્યા છે તેવું પણ જણાવ્યું હતું.

### શબ્દગુંફન - ૭૦૨૮

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | | ૫ |
| | | ૬ | | | | | | ૭ | |
| ૮ | ૯ | | | ૧૦ | | | ૧૧ | | |
| ૧૨ | | | ૧૩ | | | ૧૪ | | ૧૫ | ૧૬ |
| | ૧૭ | ૧૮ | | | ૧૯ | | ૨૦ | | |
| ૨૧ | | ૨૨ | | ૨૩ | | | | | |
| ૨૪ | | | | | | ૨૫ | | ૨૬ | |
| | | ૨૭ | ૨૮ | | | | | | |
| ૨૯ | ૩૦ | | | | | ૩૧ | | | |
| | ૩૨ | | | ૩૩ | | | | ૩૪ | |

**આડી ચાવી**

૧. વિશ્વાસપાત્ર (૩)
૩. ઘોડેસવાર લશ્કર (૪)
૬. બુદ્ધિશાળી (૩)
૭. આનંદ (૨)
૮. એક રોગ(૩)
૧૦. રાંધેલા ચોખા (૨)
૧૧. સોનું (૨)
૧૨. ફ્લો વગેરેનું પીણું (૨)
૧૩. રોગવાળું (૨)
૧૫. ઈંચ જેટલુ માપ (૨)
૧૭. બીક, દહેશત (૨)
૧૯. વેચાણ ઉપરનું વળતર(૩)
૨૨. ઉતાવળનો ગભરાટ (૪)
૨૪. મોટાઈ (૩)
૨૫. અજોડ (૪)
૨૭. નમ્રતા, નરમાશ (૫)
૨૯. હાલ, દશા (૨)
૩૧. વસ્ત્રે વાપરવાનું સાધન (૩)
૩૨. સો (૨)
૩૩. બાગ, આનંદ (૩)
૩૪. તારીખ (૨)

**ઊભી ચાવી**

૧. સાપ (૪)
૨. ખૂબ ધીરજવાળું (૩)
૩. કમનસીબ (૪)
૪. કૃપા, રહેમ (૨)
૫. દંડ, શિક્ષા (૨)
૭. મારાપણું, હેત, સ્નેહ (૩)
૯. ઇલાજ, હિકમત (૩)
૧૪. સાધુ-સંતના માથાના લાંબાવાળનું ઝૂંડ (૨)
૧૬. બાદશાહ (૪)
૧૮. હુકમ (૪)
૧૯. ટેક,આબરૂ (૨)
૨૦. વહેવું તે (૩)
૨૧. ચાલવાનો અવાજ (૪)
૨૩, વગાડવું તે (૩)
૨૫. અપ્રામાણિક વિશ્વાસઘાતી (૪)
૨૬. બેવકૂફ (૪)
૨૮. દહીં (૨)
૩૦. જરાક (૨)

## આજનું પંચાંગ

**તા. 01/08/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** શ્રાવણ
**તિથિ:** સુદઃ આઠમ : વૃદ્ધિ તિથિ છે.
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 10
**યોગ :** શુભ **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** સ્વાતિ: 27:41 **રાશિ:** તુલા (ર.ત.)
**દિવસ :** અશુભ, જીવંતીકા પૂજન, દુર્ગાષ્ટમી-લોકમાન્ય પુ.તિ.
**સુરતમાં સૂર્યોદય :** 06:13 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:16
**નવકારસી :** 07:01
**પારસી વર્ષ :** 1394, સ્પેન્દારમદ માસનો 22મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, સફર માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે : 10:30 થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** અપેક્ષિત કામમાં પરિવારની મદદ મળે. દામ્પત્ય અને અંગત જીવન રંગીન અને રોમેન્ટીક રહેશે.

**વૃષભ (બ,વ,ઉ,):** મોજ-શોખ પાછળ ખર્ચ વધશે. નોકરીમાં પ્રગતિ થાય. હરીફોની હેરાનગતિ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રેમ બાબતે વિશ્વાસ વધશે. મિત્રો સાથે મનોરંજન થાય. નવા રોકાણથી લાભ થાય.

**કર્ક (ડ,હ,):** વાહન-મિલકતની ખરીદી કે વેચાણ થઇ શકે છે. નોકરીમાં નવાં ફેરફારથી રાહત થાય.

**સિંહ (મ,ટ,):** પાર્ટી-પીકનીકનું આયોજન થાય. નોકરી ધંધાર્થે પ્રવાસ થાય. ભાડાની આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** વાણી-વ્યવહાર અને બૌદ્ધિક પ્રભાવથી અટકેલાં કામ પાર પડે. આવક વધે.

**તુલા (ર,ત,):** ગુસ્સા પર કાબુ રાખવો. પ્રવાસમાં રંગીન મુલાકાત થાય. નવા કામની યોજના બને.

**વૃશ્ચિક (ન,ય,):** સત્સંગ-પૂજા પાઠ અને દાન-પુણ્યમાં શાંતિ મળે. સમાજ જીવનમાં સાવધાની રાખવી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** રોમેન્ટીક મુલાકાત થાય. મિત્રો સાથે મનોરંજ થાય. આવકના સાધનો વધશે.

**મકર (ખ,જ,):** સમાજ જીવનમાં યશ મળે. સ્ત્રીવર્ગને ઉપયોગી ચીજ વેપારમાં આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ધાર્મિક સાહિત્ય ધાર્મિક પ્રવાસ, પર્યટન વગેરેના કામમાં આર્થિક લાભ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉઘરાણી આવે. સરકારી યોજનાનો લાભ મળે. વીમા-એજન્સીનો કામ થાય.

### કોઇ પણ સાલમાં 01 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સફળતા અને નવી તકો પુરી પાડનાર રહેશે. સરકારી નોકરીની તક મળે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી રાહત થાય. પ્રમોશન અને આવક વધે. નવા રોકાણ સરળ બને. ઉઘરાણી આવે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. આર્થિક બાબતે ચડતી-પડતી છતાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. સંતાનોનાં અભ્યાસ - કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ટેકનોલોજીથી લાભ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં વડીલોની મદદ મળે. વધારાની આવકના પ્રોજેક્ટરમાં મિત્રો મદદ રૂપ બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટમાં ઇચ્છીત કાર્યમાં સફળતાથી ઉત્સાહ વધશે. નવેમ્બર -ડિસેમ્બરમાં સામાજિક અશાંતિ અને સંતાનોનાં ખર્ચા વધશે.

# ખંડેર સમા ખસ્તા હાલ વરાછા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું તાકીદે સમારકામ કરાવી વપરાશમાં લાવવા માંગ

**ગંદકી** અને અજાણ્યા તત્ત્વોની અવરજવરથી લોકો ત્યાં જતાં ડરે છે, પૂર્વ કોર્પો.ની મ્યુનિ. કમિશનરને રજૂઆત



સુરતઃ વરાછામાં મોટા ઉપાડે સાકાર કરાયેલું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છેલ્લા દોઢ વર્ષથી સંપૂર્ણપણે વપરાશમાં નથી. આ મહત્વપૂર્ણ સ્થળ આજે અણઘડ વહીવટ, દેખરેખના અભાવ અને ઉપેક્ષા હેઠળ નષ્ટ થતી સ્થિતિમાં છે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની દીવાલો તૂટી રહી છે, છતમાંથી પાણી ટપકે છે અને બાંધકામના કેટલાય ભાગો ધસીને જોખમભર્યા બન્યા છે. અધૂરામાં પૂરું, સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ અને સહાયક સુવિધાઓ તૂટી ગયેલા છે કે જેમણે લાંબા સમયથી કોઈ જ જાળવણી નહીં થતા નાબૂદ હાલત ધરી લીધી છે. તેમજ આ જગ્યાની આસપાસ ગંદકી, જંગલી ઝાડીઓ અને ખુલ્લી ગટર તેમજ અજાણ્યા તત્ત્વોની અવરજવરથી સ્થાનિક રહીશો, ખાસ કરીને મહિલાઓ અને બાળકો, ત્યાં જવાની હિંમત કરતા નથી. યુવાઓ અને વિદ્યાર્થીઓને રમતગમતની પ્રવૃત્તિઓ માટે કોઈ પણ પ્રમાણભૂત તેમજ સલામત જગ્યાનો અભાવ અનુભવાય છે, તેથી તાકીદે આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું સમારકામ કરાવી ઉપયોગમાં લેવા પૂર્વ કોર્પોરેટર વિજય પાનસુરીયાએ મનપા કમિશનરને રજૂઆત કરી છે.